**<u>GUJARAT BILL NO. 23 OF 2023.</u>**

# THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) BILL, 2023.

## *A BILL*

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.*

**<u>સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩.</u>**

## ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩.

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં, કલમ ૫-માં, પેટા-કલમ (૬)માં,- **સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા અધિનિયમની કલમ ૫-નો સુધારો.**

(૧) “બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો” એ શબ્દોને બદલે, “બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો” એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે.".

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

3. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩-માં, કલમ ૬-માં, પેટા-કલમ (૩)માં, ખંડ (ગ)માં,-

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૧) "બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો" એ શબ્દોને બદલે, "બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના ખંડ (ક)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.".

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, "પંચાયત અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,-

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(૧) "બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો" એ શબ્દોને બદલે, "બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૫. પંચાયત અધિનિયમમાં, કલમ ૧૦-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,- સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

(૧) “બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો” એ શબ્દોને બદલે, “બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૬. પંચાયત અધિનિયમમાં, કલમ ૧૧-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,- સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

(૧) “બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો” એ શબ્દોને બદલે, “બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૫૧નો સુધારો.

૭. પંચાયત અધિનિયમમાં, કલમ ૫૧-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,-

(૧) “હોદ્દાના દસ ટકા હોદ્દા” એ શબ્દોને બદલે, “ હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૬૩નો સુધારો.

૮. પંચાયત અધિનિયમમાં, કલમ ૬૩-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,-

(૧) “હોદ્દાના દસ ટકા હોદ્દા” એ શબ્દોને બદલે, “હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૯. પંચાયત અધિનિયમમાં, કલમ ૭૭-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,- **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૭૭નો સુધારો.**

(૧) “હોદ્દાના દસ ટકા હોદ્દા” એ શબ્દોને બદલે, “હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલબ્ધ અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

## ઉદ્દેશો અને કારણો

પ્રસ્તુત વિધેયકથી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની અમુક જોગવાઇઓ, સંબંધિત અધિનિયમોમાં સમાવિષ્ટ અમુક બાબતોના સંબંધમાં એકરૂપતા લાવવા માટે અને સ્થાનિક મંડળોના વહીવટને સરળ કરવા માટે સુધારવા ધાર્યું છે.

(૨૦૧૦) ૭ એસસીસી ૨૦૨ માં નોંધાયેલ, કે. ક્રિષ્ણમુર્તિ (ડો.) અને અન્ય વિરુદ્ધ ભારતીય સંઘ અને અન્ય, (૨૦૨૧) ૬ એસસીસી ૭૩માં નોંધાયેલ, વિકાસ ક્રિષ્ણરાવ ગાવલી વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય  અને અન્ય, ૨૦૨૨ એસસીસી ઓનલાઇન એસસી ૫૮૯માં નોંધાયેલ, સુરેશ મહાજન વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય-ના કેસોમાં નામદાર ભારતીય સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર અને સુરેશ મહાજન વિરુદ્ધ મધ્યપ્રદેશ રાજ્ય અને અન્ય-ના કેસમાં સન ૨૦૨૨ ની રીટ અરજી ક્રમાંક ૨૭૮માં તા. ૧૮મી મે, ૨૦૨૨ ના નિર્ણય અનુસાર, ગુજરાત રાજ્ય-એ, તા. ૮મી જુલાઇ, ૨૦૨૨ ના ઠરાવથી, "ગુજરાતના સ્થાનિક મંડળોમાં અન્ય પછાત વર્ગોના અનામત માટેના સમર્પિત આયોગ" ના અધ્યક્ષ તરીકે ઓરિસ્સા હાઇકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ કે.એસ.ઝવેરીની નિમણૂક કરી હતી. ગ્રામ્ય અને શહેરી સ્થાનિક મંડળો માટે અન્ય પછાત વર્ગોનું પ્રમાણ અને અન્ય પછાત વર્ગો માટેની અનામતની બેઠકો નક્કી કરવા માટે  સમર્પિત આયોગ દ્વારા તદનુસાર ભલામણ કરવામાં આવી છે.

આ સંબંધમાં, સમર્પિત આયોગે રજૂ કરેલા અહેવાલના વધુ અભ્યાસ માટે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા કેબિનેટ પેટા-સમિતિની રચના કરવામાં આવી હતી. સદરહુ સમિતિએ પોતાની ભલામણો રજૂ કરેલી છે અને ઉપરની ભલામણો સંબંધિત, કેબિનેટ દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર, સ્થાનિક સ્વ-રાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો અને હોદ્દા માટે જરૂરી જોગવાઇઓ કરવા માટે, સંબંધિત અધિનિયમોમાં અમુક માત્રામાં સુધારા કરવા માટે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫-માં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬માં અને અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૯, ૧૦, ૧૧, ૫૧, ૬૩ અને ૭૭માં સુધારા કરવાના રહે છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ઋષિકેશ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.**- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૧મી સપ્ટેમ્બર,૨૦૨૩.** **ઋષિકેશ પટેલ.**

## પુરવણી

## ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા) માંથી ઉતારા

---

કોર્પોરેશનની રચના.

૫. (૧) થી (૫) XXX XXX XXX

(૬) દરેક કોર્પોરેશનમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, પછાતવર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને પછાતવર્ગો માટે એ રીતે અનામત રાખેલી બેઠકોની એક તૃતીયાંશ બેઠકો, પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઇશે.

(૭) અને (૮) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૪ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) માંથી ઉતારા

---

નગરપાલિકા ચૂંટાયેલા કાઉન્સિલરોની બનશે.

૬. (૧) અને (૨) XXX XXX XXX

(૩) કોઇ નગરપાલિકામાંના કાઉન્સિલરોની બેઠકોની કુલ સંખ્યામાંથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે નીચે પ્રમાણે બેઠકો અનામત રાખવી જોઇશે:-

(ક) અને (ખ) XXX XXX XXX

(ગ) દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક-દશાંશ બેઠકો, પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે. અને આવી રીતે પછાત વર્ગ માટે અનામત રાખેલી બેઠકોની એક તૃતિયાંશ બેઠકો, પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઇશે. આવી બેઠકો જુદા જુદા મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવી શકાશે.

(ઘ) અને (ચ) XXX XXX XXX

(૪) થી (૮) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)માંથી ઉતારા

---

૯. (૧) થી (૪) XXX XXX XXX

ગામ પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, ગામમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતી હોય ત્યારે, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે, ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઇએ અને આવી બેઠકો તે ગામમાંના, જુદા જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશન દ્વારા ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

**૧૦.** (૧) અને (૪) XXX XXX XXX

તાલુકા પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઇશે અને આવી બેઠકો તે તાલુકામાંના, જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે રાજ્ય ચૂંટણી કમિશનને વારાફરતી દ્વારા ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

(૬) XXX XXX XXX

**૧૧. (૧) અને (૪)** XXX XXX XXX

જિલ્લા પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) જિલ્લા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રાખવી જોઇશે. અને આવી બેઠકો તે જિલ્લામાંના, જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

(ઙ) XXX XXX XXX

પંચાયતની પહેલી બેઠક અને ઉપસરપંચની ચૂંટણી.

**૫૧. (૧)** XXX XXX XXX

**(૨)** (ક) રાજ્યની તમામ ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે, "ગ્રામ પંચાયત" એટલે ગ્રામ પંચાયત, જેનો સમગ્ર વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

**(૩) થી (૮)** XXX XXX XXX

પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી.

**૬૩.** (૧) XXX XXX XXX

(૨) (ક) રાજ્યની તમામ તાલુકા પંચાયતના પ્રમુખના તમામ હોદ્દા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે "તાલુકા પંચાયત" એટલે તાલુકા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

(૩) થી (૮) XXX XXX XXX

જિલ્લા પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી.

**૭૭.** (૧) XXX XXX XXX

(૨) (ક) રાજ્યની તમામ જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે "જિલ્લા પંચાયત" એટલે જિલ્લા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

(૩) થી (૮) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩.]

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઋષિકેશ પટેલ.,
આરોગ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) BILL, 2023.**

**GUJARAT BILL NO. 23 OF 2023.**

***A BILL***

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.*

It is hereby enacted in the Seventy-fourth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2023.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

Amendment of section 5 of Bom. LIX of 1949.

**2.** In the Gujarat Provincial Municipal Corporations Act, 1949, in section 5, in sub-section (6), - Bom. LIX of 1949.

(i) for the words "One –tenth of the total number of seats", the words "Twenty-seven per cent. of the total number of seats" shall be substituted;

(ii) the following proviso shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the Backward Classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats.".

Amendment of section 6 of Guj. 34 of 1964.

**3.** In the Gujarat Municipalities Act, 1963, in section 6, in sub-section (3), in clause (c), - Guj. 34 of 1964.

(i) for the words "One –tenth of the total number of seats", the words "Twenty-seven per cent. of the total number of seats" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the Backward Classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one-tenth of the total number of seats shall be reserved for the persons belonging to the Backward Classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of clause (a) above.".

Amendment of section 9 of Guj. 18 of 1993.

**4.** In the Gujarat Panchayats Act, 1993 (hereinafter referred to as "the Panchayats Act"), in section 9, in sub-section (5), in clause (a), in sub-clause (ii), - Guj. 18 of 1993.

(i) for the words "one tenth of the total number of seats", the words "twenty-seven per cent. of the total number of seats" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one tenth of the total number of seats shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of sub-clause (i) above.".

**Amendment of section 10 of Guj. 18 of 1993.**

**5.** In the Panchayats Act, in section 10, in sub-section (5), in clause (a), in sub-clause (ii), -

(i) for the words "One tenth of the total number of seats", the words "Twenty-seven per cent. of the total number of seats" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one tenth of the total number of seats shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of sub-clause (i) above.".

**Amendment of section 11 of Guj. 18 of 1993.**

**6.** In the Panchayats Act, in section 11, in sub-section (5), in clause (a), in sub-clause (ii), -

(i) for the words "One tenth of the total number of seats", the words "Twenty-seven per cent. of the total number of seats" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one tenth of the total number of seats shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of sub-clause (i) above.".

**Amendment of section 51 of Guj. 18 of 1993.**

**7.** In the Panchayats Act, in section 51, in sub-section (2), in clause (a), -

(i) for the words "ten percent of the offices", the words "twenty-seven per cent. of the offices" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one tenth of the total number of offices shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such

categories shall be required to be reserved in accordance with the provisions of this clause.".

**8.** In the Panchayats Act, in section 63, in sub-section (2), in clause (a), -

**Amendment of section 63 of Guj. 18 of 1993.**

(i) for the words "ten percent of the offices", the words "twenty-seven per cent. of the offices" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats.".

Provided however that one tenth of the total number of offices shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of this clause.".

**9.** In the Panchayats Act, in section 77, in sub-section (2), in clause (a), -

**Amendment of section 77 of Guj. 18 of 1993.**

(i) for the words "ten percent of the offices", the words "twenty-seven per cent. of the offices" shall be substituted;

(ii) the following provisos shall be added, namely:-

"Provided that the reservation available to the persons belonging to the socially and educationally backward classes shall be subject to aggregate reservation of fifty per cent. of the total number of seats:

Provided however that one tenth of the total number of offices shall be reserved for the persons belonging to the socially and educationally backward classes, where the population of the persons belonging to the Scheduled Castes and Scheduled Tribes categories exceeds forty per

cent. of the total population and the seats for such categories shall be required to be reserved in accordance with the provisions of this clause.”.

## STATEMENT OF OBJECTS AND REASONS

The present Bill seeks to amend certain provisions of the Gujarat Provincial Municipal Corporation Act, 1949, the Gujarat Municipal Corporation Act, 1963 and the Gujarat Panchayat Act, 1993, so as to bring uniformity in respect of certain matters contained in the respective Acts and to facilitate the administration of local bodies.

As Per the direction of the Hon'ble Supreme Court of India in the cases of K. Krishnamurthy (Dr.) and others vs. Union of India and another, reported in (2010) 7 SCC 202; Vikas Kishanrao Gawali vs. State of Maharashtra and others, reported in (2021 6 SCC 73; Suresh Mahajan vs. State of Madhya Pradesh and another, reported in 2022 SCC Online SC 589 and the decision dated 18th May 2022 in Writ Petition No.278 of 2022 in the case of Suresh Mahajan vs. The State of Madhya Pradesh and anr., the State of Gujarat, by resolution dated 8th July 2022, appointed retired Chief Justice of Orissa High Court, Justice K.S. Jhaveri as Chairman of the "Dedicated Commission for Reservation of Other Backward Classes in Local Bodies of Gujarat." To determine the proportion of Other Backward Classes for rural and urban local bodies and reservation seats for Other Backward Classes have been recommended accordingly by the Dedicated Commission.

In this regard, to further study of the report submitted by the Dedicated Commission, the Cabinet Sub-Committee was constituted by the Social Justice and Empowerment Department. The said committee has submitted its recommendations, and as per the decision taken by the Cabinet regarding the above recommendations, the necessary amendments are to be made in the section 5 of the Gujarat Provincial Municipal Corporations Act, 1949, section 6 of the Gujarat Municipalities Act, 1963 and sections 9, 10, 11, 51, 63 and 77 of the Gujarat Panchayats Act, 1993, to make necessary provisions for seats and posts of other backward classes in local self-government bodies, to envisages making certain quantitative amendments in the relevant Acts.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**RUSHIKESH PATEL,**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 1.*** - Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the Official Gazette, the date on which the Act shall come into force.

The delegation of legislative powers as aforesaid is necessary and is of a normal character.

Dated the 11th September, 2023. **RUSHIKESH PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS ACT, 1949.**

**( Bom. LIX of 1949 )**

---

**Constitution of Corporation**

**5.** (1) to (5) XXX XXX XXX

(6) One-tenth of the total number of seats to be filled by direct election in every corporation shall be reserved for persons belonging to backward classes and as nearly as may be one-half of the seats so reserve for backward classes shall be reserved for women belonging to the Backward Classes.

(7) and (8) XXX XXX XXX

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT MUNICIPALITIES ACT, 1964.**

**( Guj. 34 OF 1964 )**

---

**Municipalities to consist of elected councilors.**

**6.** (1) and (2) XXX XXX XXX

(3) Out of the total number of seats of councilors in a municipality, there shall be reserved seats for Scheduled Castes, Scheduled Tribes, Backward Classes and Women as follows namely:-

(a) and (b) XXX XXX XXX

(c) One-tenth of the total number of seats to be filled by direct election in every municipality shall be reserved for persons belonging to Backward Classes and as nearly as may be one-half of the seats so reserved for Backward Classes shall be reserved for women belonging to the Backward Classes. Such seats may be allotted by rotation to different constituencies in the prescribed manner.

(d) and (e) XXX XXX XXX

(4) to (8) XXX XXX XXX

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT PANCHAYATS ACT, 1993.**

**( Guj. 18 OF 1993 )**

---

**Constitution of Village Panchayats.**

| | | | |
|---|---|---|---|
| **9.** (1) and (4) | XXX | XXX | XXX |
| (5) (a) (i) | XXX | XXX | XXX |

(ii) Where in a village there is in the opinion of the State Government population of socially and educationally backward classes, there shall be reserved by the State Government for the socially and educationally backward classes one tenth of the total number of seats in a village panchayat and such seats shall be allotted by the State Election Commission by rotation to different wards in that village in the prescribed manner.

| | | | |
|---|---|---|---|
| (b) and (c) | XXX | XXX | XXX |

**Constitution of Taluka Panchayats**

| | | | |
|---|---|---|---|
| **10.**(1) and (4) | XXX | XXX | XXX |
| (5) (a) (i) | XXX | XXX | XXX |

(ii) One tenth of the total number of seats in a taluka panchayat shall be reserved by the State Government for socially and educationally backward classes and such seats shall be allotted by the State Election Commission by rotation to different territorial constituencies in that taluka in the prescribed manner.

| | | | |
|---|---|---|---|
| (b) and (c) | XXX | XXX | XXX |
| (6) | XXX | XXX | XXX |

**Constitution of District Panchayats**

| | | | |
|---|---|---|---|
| **11.** (1) and (4) | XXX | XXX | XXX |
| (5) (a) (i) | XXX | XXX | XXX |

(ii) One tenth of the total number of seats in a district panchayat shall be reserved by the State Government for socially and educationally backward classes and such seats shall be allotted by the State Election Commission by rotation to different territorial constituencies in that district in the prescribed manner.

| | | | |
|---|---|---|---|
| (b) and (c) | XXX | XXX | XXX |

(6) XXX XXX XXX

**51.** (1) XXX XXX XXX

**First meeting of panchayat and election of Sarpanch and Upa- Sarpanch**

(2) (a) All offices of sarpanch of village panchayats in the State shall be reserved by the State Government for the Scheduled Tribes.

Explanation - For the purposes of this clause, "village panchayat" means the village panchayat, the whole local area of which comprises of the Scheduled Areas.

(b) XXX XXX XXX

(3) to (8) XXX XXX XXX

**63.** (1) XXX XXX XXX

**First meeting of panchayat and election of President and Vice-President.**

(2) (a) All offices of the President of the taluka panchayats in the State shall be reserved by the State Government for the Scheduled Tribes.

Explanation-For the purposes of this clause, "taluka panchayat' means the taluka panchayat, the whole local area of which comprise of the Scheduled Areas.

(b) XXX XXX XXX

(3) to (8) XXX XXX XXX

**77.** (1) XXX XXX XXX

**First meeting of district panchayat and election of President and Vice-President.**

(2) (a) All offices of the President of the district panchayats in the State shall be reserved by the State Government for the Scheduled Tribes.

Explanation- For the purposes of this clause, "district panchayat" means the district panchayat, the whole local area of which comprises of the Scheduled Areas.

(b) XXX XXX XXX

(3) to (8) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 23 OF 2023.**

*A BILL*

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.*

**[ SHRI RUSHIKESH PATEL,**
**MINISTER FOR HEALTH]**

**(**As published in the Gujarat Government Gazette of 11th September, 2023**)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**